અપીલ અરજી નં.૫૧/૦૮–૦૯ તા. ૬–૬–૦૮

અરજદારઃ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૨–૪–૦૮ ની અરજીથી ટીપી નં.૨ ફા.પ્લોટ નં.૧૦૫,૧૦૬ પૈકી ૧૦૫ સરકારી જગ્યા રીઝર્વેશન હેઠળની જગ્યાની સવલતો ,ન્યુ.હરિધામ સોસા.,આશાપુરી સોસા.–૧,પાણી પુરવઠાની નળીકા નાંખવા પ્લાનની મંજુરી તથા તે અંગે ગ્રાન્ટ બાબતેની માહિતી થતા અન્ય આવા કિસ્સાઓમાં પ્રાથમિક સુવિધા અંગેની માહિતી અને રેસીડન્ટ મકાનોનો કોમર્શીયલ હેતુફેર અંગેની યાદી તથા નોટીસ અંગેની માહિતી આપવા બાબત.
સંદર્ભેઃ– અરજદાર મજકુરની તા.૬–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૧/૦૮–૦૯

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૨–૪–૦૮ ની અરજીથી ટીપી નં.૨ ફા.પ્લોટ નં.૧૦૫,૧૦૬ પૈકી ૧૦૫ સરકારી જગ્યા રીઝર્વેશન હેઠળની જગ્યાની સવલતો ,ન્યુ.હરિધામ સોસા.,આશાપુરી સોસા.–૧,પાણી પુરવઠાની નળીકા નાંખવા પ્લાનની મંજુરી તથા તે અંગે ગ્રાન્ટ બાબતેની માહિતી તથા અન્ય આવા કિસ્સાઓમાં પ્રાથમિક સુવિધા અંગેની માહિતી અને રેસીડન્ટ મકાનોનો કોમર્શીયલ હેતુફેર અંગેની યાદી તથા નોટીસ અંગેની માહિતી આપવા બાબતે કરેલ અરજીના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૧૪૧૯ તા.૨૦–૫–૦૮થી આપેલ માહિતીમાં સુરત નહેર વિભાગની સરકારી જમીનના વાંધા રજૂ કરવા છતાં કયા કારણથી પાણીની નળીકાના કામને મંજુરી અપાઈ તેના કારણની માહિતી નહીં આપવા બાબતે ડે.કમિશનર (જનરલ)અને એપેલેટ ઓફિસરને તા.૬–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા આંશિક ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૮ તા.૧૧–૬–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૯૫૩ તા.૫–૭–૦૮ થી પૂરક માહિતી અરજદારને પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જે મુજબ " માંગ્યા મુજબનું કારણ સદર ફાઈલના દફતર પર જણાતું નહીં હોવાનું તેમજ અરજદાર ઈચ્છુક હોય તો દફતર નિરીક્ષણ કરી શકે છે" તેવી માહિતી અરજદારને પાઠવવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે તા. ૯–૭–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર ઉપસ્થિત રહી રેકર્ડ ચકાસણીના આધારે માહિતી માંગવામાં આવેલ છે. સરકારી જગ્યાઓ ઉપરના બાંધકામમાં ગ્રાન્ટ પરત લેવાય છે. જયારે અહીંયા ગેરકાયદેસર બાંધકામોની નોટીસ પણ અપાઈ નથી તેમજ આરટીઆઈ એકટના નિયત નમુના 'ઘ' મુજબ જવાબ પાઠવવામાં આવતો નથી તેવી રજૂઆત કરેલ.

જાહેર માહિતી અધિકારી હાજર રહી તેઓ કક્ષાએથી પ્રાથમિક સુવિધા અંગે ૪૧% અને ૫૯% ના પ્રમાણસરનો નિયમ છે જયારે આ કિસ્સામાં ૧૦૦ ટકા ગ્રાન્ટ ખર્ચ વસુલ લઈને ઓર્ડર થયેલ છે એવી રજૂઆત રોજના દિને કરવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા ઉપલબ્ધ દફતરી હકીકત આધારે માહિતી પૂરી પાડેલ છે કાયદા હેઠળ ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી પૂરી પાડવાની રહે છે અને જાહેર માહિતી અધિકારીએ તેમ કર્યાનું જણાવેલ છે તેમ છતાં પૂરક પત્રથી અરજદારને દફતરી તપાસની પૂરી પાડવા પણ તત્પરતા દર્શાવેલ છે જેથી અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં દફતરી તપાસણી કરવા તત્પરતા દર્શાવે તો જાહેર માહિતી અધિકારીએ તે પુરું પાડી થયેલ અમલવારીની વિગતો અત્રે સૂચિત કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,